# Day to Day Current Affairs

**18. ઓક્ટોબર 2015**

## ૧. ખંઢેરી બન્યુ સોલાર પાવર ક્રિકેટ સ્ટેડીયમ :

- સૌરાષ્ટ્ર ક્રિકેટ સ્ટેડિયમ આજ 18 ઓક્ટોબરથી દેશનું બીજુ સોલાર પાવર ક્રિકેટ સ્ટેડિયમ બની જશે.

- રાજકોટના આ સ્ટેડિયમમાં 50 KWP સોલાર રૂફટોપ સિસ્ટમ મુકવામાં આવી છે.

- દર મહિને 6833 યુનિટ સૌરઉર્જા ઉત્પન થશે.

- તેમજ વાર્ષિક 82000 યુનિટની બચત થશે જેથી 50 ટન કાર્બન ડાયોક્સાઇડનું ઉત્સર્જન અટકશે અને પર્યાવરણનું જતન થશે.

- વન ડે ટીમના કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીના હસ્તે આ સોલાર પ્લાન્ટ કાર્યાન્વિત કર્યો હતો.

- ચિન્નાસ્વામિ ક્રિકેટ સ્ટેડીયમ, બેંગલુરૂ (કર્ણાટક) દેશનું પ્રથમ સોલાર પાવર ક્રિકેટ સ્ટેડીયમ છે.

## ૨. નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ કમિશન (NJAC) કાયદો સર્વોચ્ચ અદાલતે રદ કર્યો :

- વર્ષ 2014માં સંસદે બંધારણમાં 99મો સુધારો કરી એનજેએસી એક્ટ પસાર કર્યો હતો.

- એનજેએસીની જોગવાઇ અનુસાર તેમાં ભારતના ચીફ જસ્ટીસ સહીત ત્રણ ન્યાયધિશો, કેન્દ્રીય કાયદા મંત્રી અને સમાજના બે અગ્રણીઓની નિયુક્તીની જોગવાઇ હતી. આ બે અગ્રણીઓની નિયુક્તી વડાપ્રધાન અને લોકસભાના વિપક્ષના નેતા દ્વારા કરવાની હતી.

- આમ એનજીએસીમાં સભ્ય સંખ્યા 6 હતી જેમનું કામ સર્વોચ્ચ અદાલત તેમજ હાઇકોર્ટના ન્યાધિશોની નિમણુંક, બદલી અને બઢતીનું હતું.

- એનડીએ સરકારે ઘડેલા આ કાયદાને સર્વોચ્ચ અદાલતે ગેરબંધારણીય ઠેરવતા રદ કર્યો હતો.

- હવે, ફરીથી છેલ્લા બે દાયકાથી ચાલતી કોલેજિયમ સિસ્ટમ અમલમાં આવશે.

- શુ છે કોલેજિયમ સિસ્ટમ? :

- ન્યાયધીશોની નિમણુંક તટસ્થ રીતે થાય એ થાય એ માટે 1993માં ચીફ જસ્ટીસ જે.એસ.વર્માના વડપણ હેઠળ સર્વોચ્ચ અદાલતના 9 ન્યાયધીશોની બનેલી બંધારણીય ખંડપીઠે કોલેજિયમ સિસ્ટમની રચના કરી હતી.

એ મુજબ , સર્વોચ્ચ અદાલતના પાંચ અને હાઈકોર્ટના મુખ્ય જજની નિમણૂંક તેમજ બદલી કરવા અધિકૃત કરવામાં આવી હતી.

Vivekanand Academy, Gandhinagar